# ખેડબ્રહ્મામાં નવીન સિવિલ હોસ્પિટલના મકાનનું લોકાર્પણ

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મામાં બનાવવામાં આવેલ નવીન સિવિલ હોસ્પિટલના મકાનનો રવિવારે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલના મકાનનું લોકાર્પણ તથા આર્ડેક્તા એન્જિનીયરીંગ કૉલેજ ખાતે યોજાનાર સમારંભમાં ચાર તાલુકામાં જંગલની જમીનની અપાનાર સનદો પૈકી ૧૦ આદિવાસીઓને સનદો મુખ્યમંત્રીના હસ્તે આપવામાં આવશે. આ પ્રસંગે સરકારના અન્ય ત્રણ મંત્રીઓ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

ખેડબ્રહ્મામાં અદ્યતન સુવિધાઓવાળુ રૂ. ૯ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ સિવિલ હોસ્પિટલના નવીન મકાનનું રવિવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. ઉપરાંત મેત્રાલ સ્થિતિ આર્ડેક્તા એન્જિનીયરીંગ કોલેજમાં સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર તાલુકામાં જંગલની જમીન ખેડતા આદિવાસીઓને વન મંડળીઓ અંતર્ગત એફ.આર.સી. મુજબ ૧૦ આદિવાસીઓને સનદો પણ આપવામાં આવશે. આ પ્રસંગે મંત્રી નિતીનભાઈ પટેલ, રમણલાલ વોરા અને રજનીભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. સમારંભની તૈયારીઓ માટે માર્ગ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ડી. એન. પટેલ, એસ.ઓ. એસ. આર. પટેલ અને આર. ડી. ધ્રુવ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



**(રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

## દાંતીવાડા મુકામે ૧૮ ઓગષ્ટના રોજ નવિન સીવીલ કોર્ટનું ઉદ્ઘાટન

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા મુકામે આગામી તા. ૧૮-૮-૨૦૧૫ના રોજથી નવિન સીવીલ કોર્ટનો પ્રારંભ થશે. જેનો ઉદ્ઘાટન સમારોહ આગામી તા. ૧૮ ઓગષ્ટના રોજ સવારે ૯.૦૦ વાગે યોજાશે. આ નવિન કોર્ટનું ઉદ્ઘાટન બનાસકાંઠા જિલ્લાના નામદાર મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી અશોકકુમાર જોષીના વરદહસ્તે કરાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કલેક્ટરશ્રી દિલીપ રાણા તથા અતિથિ વિશેષ તરીકે પોલીસ અધિક્ષકશ્રી ચિરાગ કોરડીયા ઉપસ્થિત રહેશે.



## ભિલોડામાં ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર, આનંદ, ઉત્સાહભેર ઉજવણીના વિવિધ કાર્યક્રમો ઠેર-ઠેર યોજાયા હતા. વહેલી સવારથી દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજતુ હતુ. ભિલોડા તાલુકા કક્ષાનો ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો કાર્યક્રમ કિશનગઢ નવચેતન હાઈસ્કૂલના પટાંગણમાં યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા, ભિલોડા મામલતદાર એ.કે. જોષી, ભિલોડા ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, ભિલોડા પાણી પુરવઠા વિભાગ અધિકારી પી.પી. નાયી, અમરતલાલ બરંડા, ગુણવંતભાઈ ત્રિવેદી, હિંમતસિંહ સિસોદીયા, ગલબાભાઈ પ્રજાપતી, જેસીંગભાઈ પટેલ, જશુભાઈ અસારી, જગદીશભાઈ પ્રજાપતી, કિશનગઢ ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ સુરેખાબેન બોડાત, વહીવટી તંત્રના અધિકારીઓ, અગ્રણી આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીનું મોડાસા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં દેશભક્તિના રંગે રંગાયુ

મોડાસા, તા. ૧૬

ભારત દેશને સ્વતંત્ર થયાના ૬૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દેશમાં ધામધૂમપૂર્વક મનાવવામાં આવે છે. અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ અને રાજકીય પક્ષો દ્વારા ૬૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી.

મોડાસા શહેરની શૈક્ષણિક સંસ્થાઓ મોડાસા કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, સરસ્વતિ વિદ્યાલય, મદની હાઈસ્કૂલ, ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમીયા એજ્યુકેશન ટ્રસ્ટની ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતિ બાલમંદિર, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ શહેર મોડાસા સમિતિ, મોડાસા માર્કેટયાર્ડ, અર્ધસરકારી કચેરીઓ દ્વારા ૬૯મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન તેમજ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

૬૦માં વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓ અહેર અને મધ્યમવર્ગીય તેમજ ગરીબ બાળકોમાં આપતી સરસ્વતિ બાલમંદિર મંડળની ડિપ શાખામાં ૬૯માં સ્વાતંત્ર્ય દિનના દિવસે મોડાસા નગારિક બેંકના ડિરેક્ટર કમલેશ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના અધ્યક્ષ મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી, હાફીઝખાન પઠાણ, જગદીશ ગાંધી, નવનીત પરીખ, નાનાલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.



**(તસવીર : જય અમીન, મોડાસા)**

## વક્તાપુર સાંઈ મંદિરેથી શિક્ષકનું બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૬

તલોદ તાલુકાના વક્તાપુર નજીક આવેલ સાંઈ મંદિરમાં આંજણા ગામના રહીશ અને મુધાસણા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક ગુરૂવારે દર્શન કરવા આવ્યા હતા ત્યારે તેમનું બાઈક અજાણ્યો શખ્સ લઈ જતા તે અંગે શિક્ષકે શુક્રવારે તલોદ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે આંજણા ગામના રહીશ અને મુધાસણા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક ધુળાભાઈ કોદરભાઈ પટેલ ગુરૂવારે વક્તાપુર પાસે આવેલ સાંઈ મંદિરમાં બાઈક નં. જીજે-૯.સી.એલ. ૦૮૭૩ લઈને દર્શન કરવા આવ્યા હતા. ત્યારબાદ બાઈક પાર્ક કરીને દર્શન કરવા ગયા ત્યારે અજાણ્યો શખ્સ તેમનું બાઈક ઉઠાવી ગયો હતો. બીજી તરફ દર્શન કરીને પરત આવેલા ધુળાભાઈએ પોતાનું બાઈક ન જોતા તપાસ કરી હતી. પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી તેમણે શુક્રવારે તલોદ પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

## કેશરપુરાના શખ્સને પિતાએ ઠપકો આપતા ગળાફાંસો ખાધો

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના કેશરપુરા ગામે રહેતા કાળુસિંહ મકનસિંહ પરમારનો પુત્ર ભરતસિંહ ખૂબ દારૂ પીતા હોવાથી શુક્રવારે તેમને કાળુસિંહે ઠપકો આપ્યો હતો.

જેથી ભરતસિંહને મનમાં લાગી આવતા પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ લીધો હતો. જે અંગે કાળુસિંહે શુક્રવારે ગાંભોઈ પોલીસસ્ટેશનમાં જાણ કરી હતી. જેથી પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

## આંબામહુડાની દાઝી ગયેલ વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૧૬

પોશીના તાલુકાના આંબામહુડા ગામના સીતાબેન ગજરાભાઈ સોલંકી (ઉં.વ.૬૦) ગત તા. ૧ ઓગષ્ટના રોજ અગમ્ય કારણોસર પોતાના ઘરે દાઝી ગયા હતા. જેથી તેણીને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા. જ્યાં શુક્રવારે સવારે સીતાબેનનું મોત નિપજ્યું હતું. જે અંગે સિવિલના મેડીકલ ઓફિસર ડૉ. એલ.એમ. પ્રિયદર્શીએ હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# બાયડ તાલુકાના વાત્રક ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ નિમીતે ઉદ્બોધનમાં રાજ્ય કૃષિમંત્રી જશાભાઈ બારડે ભાંગરો વાંટયો

## મિસાઈલમેન એવા ડો. એ. પી. જે. કલામને ભીમરાવ કલામ ગણાવ્યા

મોડાસા, તા.૧૬

સમગ્ર ગુજરાત રાજયમાં ૧૫મી ઓગસ્ટની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ભારત દેશ દેશ ભકિતના રંગમાં રંગાયુ હતુ. ત્યારે બાયડ તાલુકાના વાત્રક ખાતે આવેલ ગ્રાઉન્ડમાં અરવલ્લી જીલ્લાનો જીલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજયના કૃષિ અને નાગરીક ઉડ્યન મંત્રી જશાભાઈ બારડ ઉપસ્થિત રહયા હતા. એમના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ મંત્રીશ્રીએ ગ્રાઉન્ડમાં ઉભેલ જવાનોની સલામી જીલી હતી.



સલામી જીલ્યા બાદ મંત્રીશ્રીએ ઉદ્બોધન શરુ કર્યુ હતુ. ઉદ્બોધનમાં રાજય સરકારના ગુણગાન ગાતી વખતે રાષ્ટ્ર સપુતોને પણ યાદ કર્યા હતા. આ રાષ્ટ્ર સપુતોને યાદ કરતી વખતે મંત્રીશ્રીની જીભ લપસી પડી હતી અને તાજેતરમાં જ અવસાન પામેલા એવા પુર્વ રાષ્ટ્રપતી અને મિશાઈલમેન એવા ડો. એ.પી.જે અબ્દુલ કલામને ડાં. ભીમરાવ કલામ કહી ભાંગરો વાટયો હતો. ત્યારે રાજય સરકારના મંત્રી તરીકેના મહત્વના હોદ્દા પર બીરાજમાન મંત્રીની જીભ લપસી પડતા રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ઉપસ્થિત પ્રજાજનો અને અધિકારી વર્ગ સ્તબ્ધ થઈ ગયો હતો. જો સરકારમાં બિરાજમાન મંત્રીને જ ભારત દેશના રાષ્ટ્ર સપુતો અને પુર્વ રાષ્ટ્રપતિ રહી ચુકેલા એવા ડાં.કલામ સાહેબને ઓળખવામાં જ ભુલ થતી હોય તો જનતા સરકારના આવા મંત્રીઓ પાસે શુ અપેક્ષા રાખી શકે તે એક વિચારવા જેવી બાબત છે.

# ભુખ્યા પેટે સવારથી સતત ઉભા રહેવાના કારણે બે એન.સી.સી. કેડેટ ઢળી પડી

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વાત્રક ખાતે આવેલ ગ્રાઉન્ડમાં જીલ્લા કક્ષાનો ૧૫મી ઓગસ્ટનો કાર્યક્રમ ઉજવવાનો સરકાર દ્વારા નકકી કરવામાં આવ્યુ હતુ. ત્યારે જીલ્લાના વહીવટી તંત્ર દ્વારા આ પ્રસંગમાં રાજય કક્ષાના કૃષિ અને નાગરીક ઉડ્યન મંત્રી જશાભાઈ બારડ ઉપસ્થિત રહેવાના હોઈ છેલ્લા એક અઠવાડીયાથી કાર્યક્રમનું રીહર્સલ કરવામાં આવતું હતુ. ત્યારે ગઈકાલે યોજાયેલ ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમ દરમ્યાન અસહ્ય બફારાના અને ગરમીને કારણે ભુખ્યા પેટે સવારથી સતત ઉભા રહેવાથી ગ્રાઉન્ડમાં ઉભેલ બે એન.સી.સી. કેડેટને ચકકર આવતા જમીન પર ઢળી પડયા હતા. જેને લઈને તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.



**(તસવીર : સમીર બલોચ, મોડાસા)**

# રૂદરડી ગામે કારમાંથી ૭.૯૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

શામળાજી, તા. ૧૬

ગાંધીનગર પોલીસ મહાનિરીક્ષક સૂચના અન્વયે અરવલ્લી જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ અને વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા અરવલ્લી જિલ્લા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરતાં અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે શામળાજી નજીક આવેલા રૂદરડી ગામની સીમમાંથી ઈનોવા ગાડીમાંથી ૯૬૦૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી ૭.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ગાડીચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે રવિવારે સવારે શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. શામળાજી નજીક આવેલા રૂદરડી ગામની સીમમાં અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી આવતી ટોયટો ઈનોવા ગાડી (નં. જીજે૬. ડીજી-૦૦૪૪)નો ચાલક નાકાબંધીના લીધે ઈનોવા કાર મુકીને ફરાર થઈ ગયો હતો. એલસીબી પોલીસે ઈનોવા ગાડીની તલાસી લેતા કારની અંદર વિદેશી દારૂની ૪૧ નંગ પેટી અને ગાડીના પાછળના ભાગે વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી કુલ ૧૦૧૬ જેની કિંમત રૂ. ૨૯૬૦૦૦ તેમજ ઈનવો ગાડીની કિંમત રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ ૭.૯૬નો મુદ્દામાલ ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બન્ને ફરાર આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# મોડાસા નેશનલ કોંગ્રેસ પાર્ટીએ ગંદકી અને સફાઈ મામલે ચીફ ઓફિસરને આવેદનપત્ર આપ્યુ

## મોડાસાની શમ્મેહિદાયત સોસાયટીથી અમનપાર્ક તથા કોલેજ રોડ પર ઠેર ઠેર ગંદકીના ઢગલા

મોડાસા, તા. ૧૬

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ભુગર્ભ ગટરયોજના અંતર્ગત કરોડો રૂપિયા ફળવાયા છતાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા નગરપાલિકાતંત્ર માટે માથાના દુખાવા સમાન બની છે. દર વર્ષે આવતી લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ વરસાદી પાણીમાં ધોવાઈ જતી હોય તેવા ચોમાસાની સીઝનમાં મોડાસા શહેરની લઘુમતિ વિસ્તારની સોસાયટીઓ અને કોલેજ રોડ પરની રહેણાંક સોસાયટીઓમાં વરસાદી પાણી જળબંબાકાર સ્થિત પેદા કરતા દશ્યો જોવા મળી રહ્યા છે ત્યારે વરસાદી પાણીના નિકાલ માટે અને ગટરનો સાફસફાઈ ન થતાં અરવલ્લી જિલ્લા નેશનલ કોંગ્રેસપાર્ટી દ્વારા નગરપાલિકામાં હલ્લાબોલ કરી ચીફ ઓફિસરને આવેદનપત્ર આપ્યું હતું.

મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલી શમ્મેહિદાયત સોસાયટીથી અમનપાર્ક તથા કોલેજ રોડ સુધી વરસાદનું ગંદુ પાણી ભરાઈ રહેતા સોસાયટીના રહીશોને અવર-જવરમાં તથા બાળકોને સ્કૂલે જવા ગંદકીમાંથી પસાર થવુ પડતુ હોય છે. નગરપાલિકાતંત્ર દ્વારા ગટરોની સફાઈ ન કરાતા ગંદા પાણીથી ગટરો પણ ઉભરાઈ જઈ રોડ પર ગટરોનું પાણી ફેલાતા સોસાયટીનગરમાં માથુ ફાડી નાખે તેવી દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. ગંદુપાણી જમા થવાથી મચ્છરનો ઉપદ્રવ ફાટી નિકળતા આ વિસ્તારના રહીશોને સ્વાસ્થ પર ખૂબ જ ગંભીર અસરની સાથે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગોમાં સપડાઈ જવાની અને આજુબાજુના વિસ્તારોમાં રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થતાં મહિલાઓ હલ્લાબોલ કર્યો હતો અને નગરપાલિકાતંત્ર સામે સુત્રોચ્ચાર પોકાર્યા હતા. એનસીપી દ્વારા લઘુમતિ સોસાયટીઓને પડતી તકલીફોનો જલદીથી નિકાલ આવે અને ગંદા પાણીનો નિકાલ કરી ગટરોની ચેમ્બર સાફ સફાઈ કરી આજુબાજુ દવાઓનો છંટકાવ કરવા મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવતાં ચીફ ઓફિસરે રૂબરૂ લઘુમતી વિસ્તારની સોસાયટીઓની મુલાકાત કરી તાત્કાલિક અસરથી કામગીરી કરવા અને દવાનો છંટકાવ કરવા હૈયાધારણ આપી હતી.

## જિલ્લા વ્યાજબી ભાવની દુકાન એસોસિએશનના હોદ્દેદારો નિમાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના વ્યાજબી ભાવની દુકાન એસોસિએશનની જનરલ સાધારણ સભા તાજેતરમાં જૈનવાડી હિંમતનગર ખાતે મળી હતી. જેમાં જિલ્લામાંથી ૪૦૦થી વધારે સંચાલકોએ ઉપસ્થિત રહી સભામાં દુકાનદારોને હોદ્દેદારો દ્વારા માર્ગદર્શન અપાયુંહતું અને દુકાનદારો દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેનો સ્થળ પર પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વસંતલાલ મોદી, ઉપપ્રમુખ તરીકે એન. આઈ. દલાલ, હરજીભાઈ અન્સારી, હઠેસિંહ ગુલાબસિંહ ઝાલા, મહામંત્રી તરીકે વાડીલાલ એન. પટેલ, મંત્રી તરીકે જીજ્ઞેશ એચ. પરમાર, સેક્રેટરી તરીકે પ્રવિણસિંહ દેવડા, જનરલ સેક્રેટરી તરીકે કિરીટભાઈ શાહ, આંતરિક ઓડીટર તરીકે કાન્તિલાલ મોદી વરણી કરવામાં આવી હતી.

# સાબરકાંઠાના વડાલી ખાતે જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ ધ્વજવંદન કરી પરેડનું નિરીક્ષણ કરી સલામી આપી હતી. જ્યારે હિંમતનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્યદિનની ઉજવણી લઘુમતી સમાજના બહુમતી ધરાવતા સવગઢ ગામમાં આનંદ અને ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. નાયબ કલેક્ટર કે.પી. પાટીદારના હસ્તે ધ્વજ વંદન થયા બાદ જુદી જુદી શાળાઓના બાળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. વડાલી ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરીએ રાષ્ટ્રીય પર્વની શુભકામના પાઠવી સાબરકાંઠા જિલ્લામાં આવેલી વિશેષતાઓની વાત કરતાં જણાવ્યું હતું કે, સ્વતંત્રતા અને સ્વાધિનતાની લડાઈમાં મહારાણા પ્રતાપનું આશ્રય સ્થાન બનેલ આ ધરતીની વિશેષતા છે. તો વળી જગદંબાનુ પવિત્ર યાત્રાધામ અને ઈડરીયા ગઢની શાન સમગ્ર રાજ્યમાં પ્રખ્યાત છે. તો આ જિલ્લો કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે આ જિલ્લાએ નામના પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શાન્તાબેન પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, જિલ્લા અગ્રણી પૃથ્વીરાજ પટેલ સહિત તાલુકાના અગ્રણીઓ અને નાગરિકો-વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




## પ્રાંતિજમાં યોજાનાર પાટીદાર રેલી સંદર્ભે બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૬

પ્રાંતિજ તાલુકાના પાટીદાર સમાજ દ્વારા આગામી તા. ૧૯ ઓગસ્ટે અનામત સંદર્ભે યોજાનાર રેલીના ભાગરૂપે ચર્ચા કરવા માટે શુક્રવારે પ્રાંતિજ માર્કેટ યાર્ડમાં બેઠક યોજાઈ હતી.

જેમાં રેલીનો પ્રારંભ હાઈવે ત્રણ રસ્તાથી કરી ભાંખરીયા થઈ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ તાલુકા સેવા સદનમાં જઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવા અંગે ચર્ચા વિચારણા કરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧